**<u>સને ૨૦૨૫-૨૬</u>**
**<u>જનરલ</u>**

**સને ૨૦૨૫-૨૬ના વર્ષ માટે ગુજરાત વન નિર્માણ વિકાસ યોજના (JICA) હેઠળની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.**

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક: FED/WRT/e-file/6/2022/1099/M
સચિવાલય, ગાંધીનગર.

**<u>વંચાણે લીધા :-</u>**

(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા.૧૫/૦૭/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: **FED/WRT/e-file/6/2022/1099/M.**

(૨) વન અને પર્યાવરણ વિભાગનો તા.૩૧/૦૭/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: **FED/WRT/e-file/6/2022/1099/M.**

(૩) ચીફ પ્રોજેક્ટ ડાયરેક્ટર અને અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, PMU-PERG ગાંધીનગરનો તા.૧૬/૦૩/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: PCCFO/PMU/e-file/129/2023/4843/PMU.

## <u>ઠરાવ</u>

વન અને પર્યાવરણ વિભાગના ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ-(૧) આગળના ના ઠરાવથી ગુજરાત વન નિર્માણ વિકાસ યોજના હેઠળની કુલ ૦૯ હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમ(૨) સામેના ઠરાવથી ગુજરાત વન નિર્માણ વિકાસ યોજના હેઠળની નાયબ વન સંરક્ષક, વર્ગ-૧ સંવર્ગની ૦૧ હંગામી જગ્યાને સ્થગિત મુક્ત કરવામાં આવેલ હતી. હવે આ જગ્યાઓને તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવા માટે સંદર્ભદર્શિત(૪) પરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પ્રસ્તુત બાબતમાં વિચારણાના અંતે, ગુજરાત વન નિર્માણ વિકાસ યોજના હેઠળની નીચે પત્રકમાં દર્શાવ્યા મુજબની કુલ ૧૦ હંગામી જગ્યાઓને તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવા આથી મંજૂરી આપવામાં આવે છે.

૩. જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | જગ્યાનું નામ | વિભાગના ના ઠરાવથી તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખેલ જગ્યા | તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની થતી જગ્યા |
|---|---|---|---|
| ૧. | અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક | ૦૧ | ૦૧ |
| ૨. | મુખ્ય વન સંરક્ષક/ વન સંરક્ષક | ૦૨ | ૦૨ |
| ૩. | નાયબ વન સંરક્ષક | ૦૨ | ૦૨ |
| ૪. | મદદનીશ વન સંરક્ષક | ૦૨ | ૦૨ |
| ૫. | ફાયનાન્સ ઓફિસર | ૦૧ | ૦૧ |
| ૬. | મુખ્ય કારકુન | ૦૧ | ૦૧ |
| ૭. | સિનિયર ક્લાર્ક/હિસાબનીસ | ૦૧ | ૦૧ |
| | કુલ | ૧૦ | ૧૦ |

૪. સદર જગ્યાઓ ચાલુ રાખવાની મંજૂરી નીચે મુજબની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) રદ થયેલ કે એબેયન્સમાં ગયેલ જગ્યા પર ઉમેદવાર ઉપલબ્ધ થયેથી સદર જગ્યા પર કોઈ કર્મચારી/અધિકારીશ્રીની નિમણૂક આપતા પહેલાં નાણાં વિભાગની પૂર્વ મંજૂરી અચૂક મેળવી લેવાની તકેદારી અ.મુ.વ.સં.શ્રીની કચેરીએ રાખવાની રહેશે.

(૨)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪)આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે

(૫)આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિં બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય જોગવાઈને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭)જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી અ.મુ.વ.સં.ની કચેરીની રહેશે.

(૮)સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા. ) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૯) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:-FD/ZMR/e-file/4/2023/0336/Z.1 dated: 26-06-2023 ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦)નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:-FD/ZMR/e-file/4/2023/0336/Z.1 dated: 26-06-2023 ની જોગવાઈઓ મુજબ જગ્યાને કાયમી કરવાની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

૫. આ જગ્યા અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધીન ઉધારીને સને ૨૦૨૫-૨૬ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રીની તા.૦૫/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

| **માંગણી ક્રમાંક** | **:** | **૨૬** |
|---|---|---|
| સેક્ટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્ય સદર | : | ૨૪૦૬ – વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન |
| પેટા મુખ્ય સદર | : | ૦૧- વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૧૦૧- વન સંરક્ષણ અને વિકાસ |
| પેટા સદર | : | (૧૫) (JICA)-૩૦- ગુજરાત વન નિર્માણ વિકાસ પરિયોજના |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હિમાંશુ ગોહિલ)
ઉપ સચિવ,
વન અને પર્યાવરણ વિભાગ.

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને વનદળના વડા, ગુજરાત રાજ્ય, અરણ્યભવન, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપન ,ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, પીએમયુ-પીઆરજી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ / રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી(વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગની ક/ક-૨/ક-૩/બજેટ શાખાઓ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૫.
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ – વિભાગની વેબસાઈટ પર મૂકવા માટે.

Signature Not Verified

Signed by:Himanshu Gohil
Under Secretary
Date:2025.04.11
10:57:21 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign